# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક લાખ કરોડના શહેરી પડકાર ભંડોળ UCF ને મંજૂરી આપવા બદલ કેન્દ્રીય મંત્રીમંડળની પ્રશંસા કરી
2. ગૃહમંત્રી અમિત શાહે આજે ગુજરાતના ગાંધીનગરમાં દેશની પ્રથમ કેન્દ્રીય બેંક ડિજિટલ ચલણ આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનું ઉદ્ઘાટન કર્યું
3. હર હર મહાદેવના નાદ સાથે આજે દેશભરમાં મહાશિવરાત્રી પર્વની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ રહી છે
4. આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં અમેરિકન અંતરીક્ષ એજન્સી નાસાના ચાર નવા અવકાશયાત્રીઓ પહોંચ્યા
5. ICC T-20 ક્રિકેટ વિશ્વ કપમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોલંબોમાં મુકાબલો થશે.

,,....................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM-URBAN CHALLENGE FUND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક લાખ કરોડના શહેરી પડકાર ભંડોળ (UCF) ને મંજૂરી આપવા બદલ કેન્દ્રીય મંત્રીમંડળની પ્રશંસા કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે આ ભંડોળ ઉચ્ચ ગુણવત્તાવાળા શહેરી માળખાગત સુવિધાઓ પ્રદાન કરવા માટે બજાર નાણાં, ખાનગી ભાગીદારી અને નાગરિક-કેન્દ્રિત સુધારાઓનો ઉપયોગ કરશે. તેમણે જણાવ્યું હતું કે આ પહેલ શહેરોને દેશના આર્થિક વિકાસના મુખ્ય ચાલક બનાવશે.

શહેરી પડકાર ભંડોળ (UCF) એ ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયોની કેન્દ્રિય પ્રાયોજિત સંયુક્ત યોજના છે. આ ભંડોળનો ઉદ્દેશ સ્થિતિસ્થાપક, ઉત્પાદક, સમાવિષ્ટ અને આબોહવા-સંવેદનશીલ શહેરોનું નિર્માણ કરવાનો છે. આ ઉપરાંત પ્રોજેક્ટ્સને ક્રેડિટપાત્ર બનાવીને ધિરાણકર્તાઓ અને ખાનગી ભાગીદારો માટે જોખમ ઘટાડીને ખાનગી મૂડી આકર્ષવાનો છે.

આ ભંડોળ પ્રોજેક્ટ ખર્ચના 25 ટકા સુધી સહાય કરશે, જો પ્રોજેક્ટ ખર્ચનો ઓછામાં ઓછો 50 ટકા બજારમાંથી એકત્ર કરવામાં આવે, જેનાથી ખાનગી ભાગીદારી માટે માર્ગ મોકળો બને. આ ભંડોળ નાણાકીય વર્ષ 2025-26 થી 2030-31 સુધી કાર્યરત રહેશે જેને નાણાકીય વર્ષ 2033-34

સુધી લંબાવવાની સંભાવના છે. આનાથી આગામી પાંચ વર્ષમાં શહેરી વિસ્તારોમાં કુલ ચાર લાખ કરોડનું રોકાણ થશે.

. . . . . . . . . . . . . . . . . .

## GUJ-AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ભારતની પ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ ચલણ આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનો પ્રારંભ કરાવ્યો. ગુજરાત સરકાર દ્વારા આ ડિજિટલ ચલણ પહેલનો ઉદ્દેશ્ય અનાજના વિતરણને વધુ પારદર્શક બનાવવાનો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ભારત ડિજીટલ બન્યું છે. વધુમાં તેમણે વિવિધ પ્રકલ્પોનું ઉદ્ઘાટન કર્યું.

**(BYTE – AMIT SHAH)**

દરમ્યાન શ્રી શાહ આજે સાંજે શિવરાત્રી પર્વ નિમિત્તે વડોદરામાં સુરસાગર સરોવરના મધ્યમાં આવેલા શ્રી સર્વેશ્વર મહાદેવ મંદિરે મહાઆરતી કરશે.

. . . . . . . . . . . . . . . . . .

## MAHASHIVRATRI

આજે, દેશભરમાં મહાશિવરાત્રીનો તહેવાર ભક્તિ અને આધ્યાત્મિક ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. ભગવાન શિવના ભક્તો માટે સૌથી પવિત્ર દિવસ માનવામાં આવે છે, આ દિવસ ઉપવાસ, વિશેષ પ્રાર્થના અને મંદિરોમાં રાતભર પૂજા દ્વારા ઉજવવામાં આવે છે. હજારો ભક્તો શાંતિ અને સમૃદ્ધિ માટે આશીર્વાદ મેળવવા માટે તીર્થ સ્થળોએ સ્નાન કરે છે.

. . . . . . . . . . . . . . . . . .

## PREZ -VP -PM- MAHASHIVRATRI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહાશિવરાત્રીના શુભ અવસર પર લોકોને શુભેચ્છાઓ પાઠવી છે.

રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં પ્રાર્થના કરી કે ભગવાન શિવના આશીર્વાદ બધા નાગરિકો પર રહે અને ભારત પ્રગતિ કરતું રહે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે કાશીથી રામેશ્વરમ સુધી આ પવિત્ર તહેવારને દેશની શાશ્વત અને અખંડ આધ્યાત્મિક પરંપરાનું જીવંત પ્રતીક છે. તેમણે કહ્યું કે મહાદેવ અને માતા પાર્વતીના આશીર્વાદ તમામના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સારું સ્વાસ્થ્ય લાવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના સંદેશમાં પ્રાર્થના કરી કે ભગવાન શિવના આશીર્વાદ તમામ નાગરિકો ઉપર રહે અને દેશ સમૃદ્ધિની નવી ઊંચાઈઓ પર પહોંચે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ મહાશિવરાત્રીને શ્રદ્ધા, પસ્તાવો અને આત્મનિરીક્ષણનો તહેવાર ગણાવ્યો. શ્રી બિરલાએ કહ્યું કે ભગવાન શિવ લોકોને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ ધીરજ રાખવાનું શીખવે છે.

ગૃહમંત્રી અમિત શાહે ભગવાન શિવના આશીર્વાદથી તમામ નાગરિકોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે તેવી શુભેચ્છા પાઠવી હતી.

. . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## PM-HERATH POSHTE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હેરથ પોશ્તે નિમિત્તે કાશ્મીરી પંડિત સમુદાયને શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે આ તહેવાર સમુદાયની સમૃદ્ધ પરંપરાઓને પ્રતિબિંબિત કરે છે. તેમણે દરેકના જીવનમાં ખુશી અને સમૃદ્ધિની શુભેચ્છા પાઠવી અને આશા વ્યક્ત કરી કે આ શુભ અવસર સફળતાના નવા દ્વાર ખોલશે.

. . . . . . . . . . . . . . . . . .

## ISS FULL STRENGTH

આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં અમેરિકન અંતરીક્ષ એજન્સી નાસાના ચાર નવા અવકાશયાત્રીઓ પહોંચ્યા છે. ચાર અવકાશયાત્રીઓ સ્વાસ્થ્ય કારણોસર પરત ફર્યા હતા. છેલ્લા 65 વર્ષમાં આ પહેલી વાર હતું જ્યારે નાસાએ સ્વાસ્થ્ય કારણોસર અવકાશયાત્રીઓને પરત બોલાવ્યા હતા.

તેમના પાછા ફર્યા બાદ ફક્ત ત્રણ અવકાશયાત્રીઓ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર રહ્યા. નવા અવકાશયાત્રીઓ લગભગ નવ મહિના સુધી અવકાશ મથક પર રહેશે. જેમાં અમેરિકાના બે અને ફ્રાન્સ અને રશિયાના એક-એક અવકાશયાત્રીનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . .

## MEN'S T20 CRICKET

ICC T 20 ક્રિકેટ વિશ્વ કપમાં ગ્રુપ A આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે મુકાબલો થશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાત વાગ્યે શરૂ થશે. બંને ટીમોએ તેમની શરૂઆતની બે મેચ જીતી છે અને દરેકે ચાર પોઈન્ટ મેળવ્યા છે, જેના કારણે આજની મેચ સેમિફાઇનલમાં સ્થાન મેળવવા માટે મહત્વપૂર્ણ બની છે.

અન્ય બીજી મેચ અમેરિકા અને નામિબિયા વચ્ચે ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે બપોરે ત્રણ વાગ્યે રમાશે.

. . . . . . . . . . . . . . . . . .

## WOMEN-CRICKET

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે સિડનીમાં ત્રણ મેચની શ્રેણીના પ્રથમ T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 1 વાગીને 45 મિનિટે શરૂ થશે.

ભારતીય ટીમની આગેવાની હરમનપ્રીત કૌર કરશે. હરમનપ્રીતે કહ્યું કે ભારતીય ટીમનો હેતુ તમામ લક્ષ્યોને પ્રાપ્ત કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . . .

## CORPS OF SIGNAL-RAISING DAY

ભારતીય સૈન્યના સિગ્નલ્સ કોર્પ્સ આજે તેમનો 116મો સ્થાપના દિવસ ઉજવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે 1911 માં આ દિવસે સ્થાપના થઈ ત્યારથી, સિગ્નલ્સ કોર્પ્સે ભારતીય સેનાના સંદેશાવ્યવહાર ઇકોસિસ્ટમમાં પરિવર્તન લાવ્યું છે. સિગ્નલ્સ કોર્પ્સે 21મી સદીની ડિજિટલ ક્રાંતિ સાથે ગતિ જાળવી રાખી છે. આજના સંઘર્ષના સંપૂર્ણ સ્પેક્ટ્રમમાં બહુ-પરિમાણીય ખતરા વાતાવરણમાં કાર્ય કરવા માટે ભારતીય સેનાની માંગણીઓ પૂરી કરવા માટે અદ્યતન આધુનિક સંદેશાવ્યવહાર તકનીકોનો ઉપયોગ કરવા માટે કોર્પ્સ સારી રીતે તૈયાર છે.

તેમના સંદેશમાં, સિગ્નલ ઓફિસર-ઇન-ચીફ, લેફ્ટનન્ટ જનરલ વિવેક ડોગરાએ જણાવ્યું હતું કે

**(BYTE – VIVEK DOGRA)**

. . . . . . . . . . . . . . . . . .